અમદાવાદ(ગ્રામ્ય)ના ૧૧માં મહે.એડીશ્નલ સીવીલ જજ અને જયુડિશયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ. મીરજાપુર, અમદાવાદ..

ફોજદારી કેસ નં.:–૭૫૩૨/૧૮

આંક –૫

ફરીયાદી :– શ્રી સરકાર

વિરુઘ્ધ

આરોપીઓ :– જયંતીભાઈ નાગજીભાઈ સોલંકી

**<u>ગુનો : ભારતીય દંડ સંહીતા,૧૮૬૦ ની કલમ–૨૮૩ મુજબ</u>**

## ચુ કા દો

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે ચાર્જશીટમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે આરોપીએ પોતાના હવાલા વાળુ વાહન જાહેર રોડ ઉપર ટ્રાફીકને અડચણરુપ રાખી ગુન્હો કરેલ હોય, આરોપી વિરુધઘ ભારતીય દંડ સંહીતા,૧૮૬૦ ની કલમ ૨૮૩ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાની ફરીયાદ નોંધી, સાહેદોના નિવેદનો નોંધી, ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરી, આરોપીની અટક કરી અને તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ ની કલમ–૨૮૩ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપીને ફોજદારી કાર્યરીતી સંહીતા,૧૯૭૩(સંહીતા)ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ પુરી પાડવામાં આવી. ત્યારબાદ આરોપીએ ગુન્હો કબુલ હોવાનુ જણાવી અલગથી ગુન્હા કબુલાત પુરશીશ આંક–૩ થી આપેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ ગરીબ વર્ગના માણસ છે. જેથી તેઓને ઓછામાં અછો દંડ કરી ગુન્હામાંથી મુકત કરવા અરજ છે. સદર ગુન્હા સંબંધેની પ્લી આંક–૪ થી નોંધવામાં આવેલ છે. જેમાંપ ણ આરોપીએ ગુનહો કબુલ હોવાનુ જણાવેલ છે.

(૩) આ કસની હકીકતોને લક્ષમાં લેતાં તેમજ આરોપીએ રજુ કરેલ કબુલાત પુરશીશ, આરોપીની આર્થિક અને સામાજીક સ્થિતી તથા સદર આરોપીએ કરેલ ગુન્હો અને તે ગુન્હામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ , વિગેરે પીરબળો ઘ્યાને લેતાં, આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવશે અને તેને યોગ્ય દંડ કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તેમ માની નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## :: <u>હુ ક મ</u> ::

આ કામના આરોપી જયંતીભાઈ નાગજીભાઈ સોલંકીને ફોજદારી કાર્યરીતી સંહીતા,૧૯૭૩ની કલમ–૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ની કલમ–૨૮૩ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રુા.૧૦૦/– (રુપીયા એક સો પુરા)નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો, તેઓએ બે દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. આરોપીના જામીન ખત અને જાત મુચરકો રદ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૦૮ મી માહે સપ્ટેમબર સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૮/૦૯/૨૦૧૮

(જે.એલ.પરમાર)
૧૧મા એડી.સીવીલ જજ.
એન્ડ એડી. જયુડી મે.જી.ફ.ક.
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર.
યુઆઈસી૦૦૧૪૪૧